ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૬૭ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શહેરના સે-૨૫માં વિદ્યાર્થીનો આપઘાત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સ્થિત સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ બારીની ગ્રીલ સાથે ચાદર બાંધીને ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવી દેતા સમગ્ર સેકટરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.એન્જીનિયરીંગ ક્ષેત્રે અભ્યાસ કરતા આ વિદ્યાર્થીનું ટુંકમાં પરિણામ જાહેર થવાનું હોવાનું પણ ધ્યાને આવ્યું છે જયારે પરિક્ષા બાદ પરિણામના હાઉંથી આ વિદ્યાર્થી મુંઝવણ અનુભવતો હોવાનું પણ ચર્ચા સ્થાને છે. આવા સંજોગમાં વિદ્યાર્થીના આપઘાત સંદર્ભે અનેક તર્ક વિતર્ક જન્મયા છે. ત્યારે આશાસ્પદ વિદ્યાર્થીના આપઘાતના બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા વિદ્યાર્થી આકાશકુમાર દિનેશકુમાર યાદવ ઉં.૨૦ અમદાવાદ ખાતે એમ.જે કોલેજ ઓફ એન્જીનીરીંગ ખાતે સેમેસ્ટર-૫માં અભ્યાસ કરતો હતો. આજે આ યુવકે ઘરમાં આવેલ બારીની ગ્રીલ સાથે ચાદર બાંધીને ગળેફાંસો ખાઈને આપઘાત કરતા સમગ્ર સેકટરમાં ખળભળાટ મચીજવા પામ્યો હતો. વિદ્યાર્થી કોલેજ થી ગાંધીનગર રોજ અપડાઉન કરતો હતો. ત્યારે આ વિદ્યાર્થીનું સેમેસ્ટર-૫ નું રિઝલ્ટ ટુંકમાં જ આવવાની તૈયારી છે. ત્યારે યુવકે અભ્યાસકીય દબાણમાં આ પ્રકારનું પગલુ ભર્યું હોવાનો ગણગણાટ પણ પ્રવર્તયો છે.બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનોં નોધી વધુ તપાસ હાથ ધરી છે.



શહેરમાં હિંડોળા પર્વ ભારે હર્ષોલ્લાસથી ઉજવાઈ રહ્યું છે ત્યારે હિંડોળા શણગારમાં નાવિન્યતા એ પર્વની ખાસ વિશેષતા છે. શહેરના સુપ્રસિધ્ધ પંચેદવ મંદિર ખાતે ચોકલેટસના હિંડોળા તૈયાર કરાયા હતા જે યુવા તથા બાળ દર્શનાર્થીઓમાં ખૂબ લોકપ્રિય થવા પામ્યા હતા.

## વાસણ ગામે કરંટ લાગતા યુવાનનું મોત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક આવેલ વાસણ ગામે રહેતા અને પ્લાસ્ટર ચણતરનું કામ કરતા યુવકને આજે સવારે કામ દરમિયાન અચાનક કરંટ લાગતા તેને તાત્કાલીક ગાંધીનગર હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન યુવકનું મોત નિપજયું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ વાસણ ગામે રહેતા અજીતભાઈ તેરસંગ કટારા ઉ.૧૮ મુળ રહે. સરસણા તા-ઝાલોદ, જિ-દાહોદ પ્લાસ્ટર અને ચણતરનું કામ કરે છે.ત્યારે આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં અચાનક અજીતને કરંટ લાગતા નીચે પટકાયો હતો. કરંટ લાગતા આસપાસમાંથી નાગરીકો દોડી આવ્યા હતા. અને યુવકને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયો હતો. જયાં યુવકનું સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનોં નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



અષાઢ અને શ્રાવણ એમ બે માસમાં ઉજવાતો તહેવાર એટલે હિંડોળા. હિંડોળા એટલે ઝુલા. આ હિંડોળાને સૂકા મેવા, ફળ, શાકભાજી વગેરેથી સજાવીને નયનરમ્ય સજાવવામાં આવે છે અને જેમાં શ્રીજીના સ્વરૂપને બેસાડીને ઝુલાવવામાં આવે છે. ગાંધીનગરના સે-૨૩માં સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રીજી માટે ખાસ લીલા વનના હિંડોળા રચાયા હતા. જેના નયનરમ્ય દર્શનનો લાભ ભાવિકોએ મોટી સંખ્યામાં લીધો હતો.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં બદામ કૌશલ્યના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મયુર પંખના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

## રાંદેસણ ઉર્જાનગર-૧ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ઉર્જાનગર વિભાગ-૧ રાંદેસણ ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે સોસાયટીમાં વિવિધ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. અને અન્ય સોસાયટીના રહીશોને પણ વૃક્ષોનું વાવેતર કરીને તેનું જતન કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે શહેરના આગેવાનો તેમજ સોસાયટીના રહીશો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉર્જાનગર વિભાગ -૧ રાંદેસણ ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર જિલ્લા ભાજપના મહામંત્રી આઈ.બી.વાઘેલા, રાંદેસણના સરપંચ પોપટસિંહ ગોહિલ, ઉપસરપંચ રાજભા, કોબાના સરપંચ યોગેશ નાયી, રાયસણના સરપંચ યોગેશ પટેલ, વિરેન્દ્રસિંહ તેમજ ઉર્જાનગરના નાગરીકો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણનું જતન કરવાની હાકલ કરી હતી. સરપંચ પોપટસિંહે સોસાયટીના વિકાસ માટે યથાયોગ્ય મદદ કરવાની ખાતરી આપી હતી. સેક્રેટરી દિલિપસિંહ ચૌહાણે આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જયારે ઉપપ્રમુખ ઈશ્વરભાઈ પટેલ આભાર દર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયંતિભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે હાજર સોસાયટીના રહીશોએ એક વૃક્ષ ઉછેરવાની અને જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

## વાતવાતમાં

● વિસનગર-ગાંધીનગર એસ.ટી. બસમાં એક મહિલા મુસાફર તેમનું પાકિટ ભૂલી ગયા હતા જેમાં પાંચેક હજાર જેટલી રોકડ રકમ હતી. આ અંગે એસટી કન્ટ્રોલર ધર્મેન્દ્ર પંડયાને જાણ કરાતા તેમણે બસના કડંકટર મંગાજી ઠાકોરનો સંપર્ક સાધતા તેમણે પાકિટ તેમના કબજામાં લઈ સહી સલામત એસટી ડેપો પર પહોંચાડી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરું પાડયું હતું.

● સે-૩-ન્યુમાં વરસાદી રમઝટના પગલે આંતરિક રસ્તાઓની હાલત અત્યંત બદતર થઈ જવા પામી છે. રસ્તા પર પડેલા ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જવાને પગલે અસંખ્ય ખાબોચિયા થઈ જવાથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

# ‘બાળક ૬ વર્ષનું થાય પછી જ ઔપચારિક શિક્ષણ આપો’

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે માતા-પિતા માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

‘બાળક ૬ વર્ષનું થાય પછી જ ઔપચારિક શિક્ષણની શરૂઆત થવી જોઈએ.’ ગાંધીનગરના સેકટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે માતા-પિતા માર્ગદર્શન કાર્યક્રમમાં યુનિવર્સિટીના મહાનિયામક દિવ્યાંશુ દવેએ જણાવ્યું હતું કે ‘બાળકની શારીરિક વૃધ્ધિ અને વિકાસ યોગ્ય રીતે થાય તે માટે પાંચ વર્ષ સુધી તેને માત્ર અનૌપચારિક શિક્ષણ જ આપવું જોઈએ. બાળક ૬ વર્ષ પૂર્ણ કરે પછી જ તેને ઔપચારિક શિક્ષણ આપી શકાય.’ તેમણે કહ્યું હતું કે, ‘બાળકને



સંસ્કાર આપી નથી શકાતા પરંતુ બાળકની આસપાસ વાતાવરણ એવુ ઉભું કરવું જોઈએ જેના કારણે બાળકને યોગ્ય સંસ્કાર આપોઆપ મળી રહે.’

ગાંધીનગર ખાતેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં શિશુ પરામર્શન કેન્દ્ર દ્વારા તા. ૧૬મી જુલાઈ રવિવારે માતા-પિતા માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિ.ના મહાનિયામક દિવ્યાંશુ દવે ઉપરાંત વિસ્તરણ વિભાગના અધ્યાપક ડૉ. રૂપમબેન ઉપાધ્યાય અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક તથા શિશુ પરામર્શન કેન્દ્રના સંચાલિકા દિવ્યાબેન રાવળ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રૂપમબેન ઉપાધ્યાયે માતા પિતાને ઋતુ પ્રમાણે આહાર અંગે માર્ગદર્શન આપતા કહ્યું હતું કે ‘આહારની શુધ્ધતા, ઋતુ મુજબ ષડ્‌રસનો ઉપયોગ, અનાજ, ફળફળાદિ, કઠોળ, શાકભાજી, સૂકો મેવો તથા રોજીંદા જીવનમાં લેવામાં આવતો આહાર કઈ ઋતુમાં લેવો યોગ્ય છે, અને કેટલી માત્રામાં લેવો તે જાણી લેવું જોઈએ.’ દિવ્યાબેન રાવળે બાળકની ટેવોના યોગ્ય વિકાસમાં માતા-પિતાની ભૂમિકાનું મહત્વ સમજાવ્યું હતું તેમજ માતા-પિતા-પરિવારજનોની દિનચર્યા, વર્તન, ઘરની સાજસજ્જા તેમજ બાળક સાથેની પ્રવૃત્તિ અંગે વિગતવાર સમજ આપી હતી. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત વાલીઓ દ્વારા બાળ વિકાસ સંદર્ભે મુંઝવતા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા જેનું મહાનિયામક દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું.

## સોમનાથ મહાદેવ મંદિરે શ્રાવણમાસમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા સંચાલિત સોમનાથ મંદિરમાં શ્રાવણ માસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૨૪-૭-૧૭થી ૨૧-૮-૧૭ પવિત્ર માસ દરમિયાન સવારે ૭ થી ૯.૩૦ કલાસ સુધી બિલિપત્ર ચડાવવાના અને પૂજા, શ્રાવણમાસના પાંચ સોમવારે ફુલોના શણગાર, મહાઆરતી અને પ્રસાદ વિતરણ, અમાસના દિવસે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિવિધ ધાર્મિક કાર્યક્રમનો સૌ ભાવિક ભકતોએ લાભ લેવા સોમનાથ મહાદેવ સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે.



આજના યુગમાં બાળકોને પાયાના શિક્ષણથી જાહેર સેવાઓ અંગે અવગત કરાવવાનું ચલણ વધ્યું છે. જેનો ઉદ્દેશ અણધારી આફતના સમયે બાળકો આ સેવાઓના ઉપયોગ થકી બચાવ કાર્ય કરી શકે. શહેરના ફાયર સ્ટેશન ખાતે રંગોલી ઈન્ટરનેશનલના ભૂલકાંઓને ફાયરબ્રિગેડની કામગીરીનું તથા તે માટેના સાધનોનું પ્રત્યક્ષ નિદર્શન કરાવવામાં આવ્યું હતું.

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ‘નમોની લીલા’ નાટક યોજાશે

અખિલ ભારતીય સામાજીક સ્વા. સંઘ ગાંધીનગર જિલ્લા શાખા તરફથી આગામી તા. ૨૦-૭-૧૭ને ગુરુવારના રોજ બપોરના ૩ કલાકે નાથીબા હોલમાં કડી કેમ્પસ, સે-૨૩-ગાંધીનગર ખાતે કુંતલભાઈ નિમાવત દિગ્દર્શીત ‘નમોની લીલા’ નાટકનું આયોજન કરવામાં આવેલ છે. આ નાટકનો લાભ લેવા ગાંધીનગરની સર્વે બહેનોને શાખા પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ અનુરોધ કર્યો છે.

## આઈ લવ માય ગાંધીનગર



**પ્રવીણસિંહ ડી રાઠોડ**
**એડવોકેટ**

**ગાંધીનગર ગમે**

કુદરતી સુંદરતા ઉપરાંત શિક્ષણ, કલા, સંસ્કૃતિ અને સેવાની સતત ચાલતી પ્રવૃત્તિઓને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

સેવાભાવી, શિક્ષિત અને કલા, સંસ્કૃતિપ્રેમી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, લાયન્સ-રોટરી કલબ, જી ઈ કલબ અને ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

જાહેર સમસ્યાઓ પ્રત્યે દરેક નાગરિક ઉપરાંત તંત્રમાં બેઠેલાં લોકો પણ સંવેદનશીલ બને તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**

જરૂરિયાતમંદ વ્યક્તિઓને નિઃશુલ્ક કાનૂની સલાહ, સહાય આપવા માટે હું તૈયાર છું.

## ફાર્મસી કોલેજમાં બે દિવસીય એપોકેલિપ્સ ઈવેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્મસી એજયુકેશન એન્ડ રિસર્ચ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ બે દિવસીય એપોકેલિપ્સ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૮ અને ૨૯મી જુલાઈના રોજ યોજાનારા આ કાર્યક્રમમાં ફાર્મા મોડેલિંગ, પોસ્ટર પ્રેઝન્ટેશન સહિતની અનેક સ્પર્ધાઓ યોજાશે. જેમાં રાજયભરની ૪૦થી વધુ કોલેજના આશરે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

વિદ્યાર્થીઓની પ્રતિભા નિખરે તે માટે કોલેજ દ્વારા દર વર્ષે એપોકેલિપ્સનું આયોજન કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને આયોજન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. આ કાર્યક્રમને કારણે વિદ્યાર્થીઓને રાજયભરના તજજ્ઞો તથા અન્ય કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવતા ફાર્મા મોડેલ્સ સહિતની ક્રિએટિવીટીને જાણવા તથા શિખવાનો મોકો મળે છે. વિવિધ ઈવેન્ટમાં મનોરંજન, રમત, રચનાત્મકતા સાથે સ્પર્ધા યોજાતી હોવાથી વિદ્યાર્થીઓમાં ખુબ પસંદ કરવામાં આવે છે જેના કારણે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાય છે. આ વર્ષે વિદ્યાર્થીઓ દ્વારા ઈવેન્ટસને વધુ ઈનોવેટિવ બનાવવામાં આવી છે. જેના કારણે સ્પર્ધા વધુ મનોરંજક બનશે.

## ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૧૭

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના નવ વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ પી.જે. રાઠોડ (પેથાપુર), મહામંત્રી કનુભાઈ બી. મહેરીયા, ખજાનચી સુનિલકુમાર એમ. રાઠોડ (ઉનાવા), ઉપપ્રમુખ કાલીદાસ બી. પરમાર (સરઢવ), કરશનભાઈ વી. પરમાર (માણસા), કિરીટભાઈ કે. પરમાર (દેલવાડ), હિતેન્દ્રકુમાર જે. પરમાર (કોલવડા), કાર્યાલય મંત્રી-નટવરભાઈ મોઢવાડીયા (પીંપળજ), મંત્રી-વસંતભાઈ જે. મહેરીયા (લીમ્બોદરા), દુર્ગેશભાઈ પરમાર, નરસિંહભાઈ પરમાર રાંધેજા, સંગઠન મંત્રી ઉદયસિંહ ધારવા, સાંસ્કૃતિક અધ્યક્ષ તરીકે ચતુરભાઈ કે. પરમારની વરણી કરવામાં આવી છે.

આંતરિક ઓડીટર તરીકે બીપીનભાઈ એસ. પરમાર જયારે કારોબારી સભ્ય તરીકે મનહરભાઈ એમ. પરમાર, કાન્તિભાઈ એસ. પરમાર, વિઠ્ઠલભાઈ એમ. મેહરિયા, જીવણભાઈ બી. પરમાર, રમેશભાઈ વી. પરમાર, રાજેશભાઈ એસ. ગોહીલ, રામજીભાઈ કે. પરમાર, બળદેવભાઈ પી. પરમાર, ધીરજભાઈ કે. પરમાર, રતિલાલ બી. પરમાર, કેશવલાલ ડી. પરમાર અને સુરેશભાઈ જે. પરમારનો સમાવેશ થાય છે.

## લોહાણા સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા.૧૭

શ્રી જલારામ સેવા સમાજ લોહાણા સમાજના તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સન્માનવાનો વિદ્યા પુરસ્કાર કાર્યક્રમ યોજે છે. જે ચાલુ સાલે પણ યોજાનાર છે. આથી સમાજના સભ્યોના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ પોતાની પ્રમાણિત કરેલ માર્કશીટની એક નકલ ટકાવારી સાથે (પાછળ નામ, સરનામું અને મોબાઈલ નંબર લખી) સંસ્થાના મેનેજરને ૩૧મી જુલાઈ સુધીમાં જમા કરાવી દેવા વિનંતી કરવામાં આવે છે. ત્યાર પછી આવનાર માર્કશીટ ઈનામને પાત્ર ગણાશે નહિ. કાર્યક્રમની તારીખની જાણ દરેક સભ્યોને અલગથી ટપાલથી કરવામાં આવશે તેમ પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણીએ જણાવ્યું છે.

## ગાંધીનગર રોટરી કલબના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર રોટરી કલબના પદનામિત હોદ્દેદારોનો શપથગ્રહણ સમારોહ રવિવારે સાંજે ગેઝિયા હોલ ખાતે યોજાયો હતો. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ રોટરીના માધ્યમથી સમાજસેવાને અસરકારક બનાવવા વિવિધ સુચનો કર્યા હતા. નવ નિયુકત પ્રમુખ ડૉ. દિપક બારોટે સેવાકીય પ્રવૃત્તિ માટે પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. જયારે વિદાય લેતા પ્રમુખ એન.પી. પટેલે વર્ષદરમિયાન રોટરીના સેવાકીય અભિગમનો ચિતાર આપ્યો હતો.





ગાંધીનગર રોટરી કલબના નવા વર્ષના પ્રમુખ તરીકે ડૉ. દિપક બારોટ, સેક્રેટરી તરીકે દિનેશ ઓઝા ઉપપ્રમુખ તરીકે કુલદીપ જૈન, આશિષ પટેલ, દિપક મહેતા, ખજાનચી તરીકે ચૈતન્ય શુકલ, કલબ ટ્રેનર તરીકે જગજીતસિંહ મુલતાની અને સાર્જન્ટ આર્મ તરીકે નિલેશ પટેલ, પાટનગરના તંત્રી તરીકે આલોક ગુપ્તા, રોટરેકટ કલબના પ્રમુખ તરીકે પ્રણવ શુકલ અને સક્રેટરી તરીકે આજવ જોષીની વરણી કરવામાં આવી છે. જયારે ગર્વનીંગ બોડીના સભ્યો તરીકે સમીર ત્રિવેદી, દિનેશસિંહ ચાવડા, કમલકિશોર જૈન, જશવંત ગાંધી, રાહુલ મહેતા, હર્ષદ પટેલ, કેયુર શાહ, કિરણ પટેલ, જીતેન્દ્ર પટેલ, ઉર્મિલ વેદ, અલકાબેન પટેલ, આશાબેન સરવૈયા, જોય બક્ષી, વલ્લભભાઈ દેસાઈ અને યોગેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

## ચિરવિદાય

- સ્વ. કમળાબેન કેશવલાલ પટેલ, ઉ.વ. ૮૪
- સ્વ. ચંપાબેન ઉદાજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. વાઘેલા હંસરાજકુંવરબા કનકસિંહ, ઉ.વ. ૪૭
- સ્વ. મંગુબેન શિવાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૧
- સ્વ. ગોહિલ દલપતસિંહ બેચરજી, ઉ.વ. ૬૫
- સ્વ. યાદવ આકાશ દિનેશભાઈ, ઉ.વ. ૨૦